# RTOના ઇ-ચલણ મોકલી લાખો પડાવતી ‘જામતારા ગેંગ’ ઝડપાઈ

**વોટ્સએપ** પર APK ફાઇલ મોકલી હાઈજેક કરતા હતા મોબાઈલ, એક જ ઝાટકે ફરિયાદીના ખાતામાંથી ૯.૬૦ લાખ સાફ કર્યા

**પકડાયેલા** બે આરોપીઓ ૨ દિવસના રિમાન્ડ પર

સુરતઃ સુરત સાયબર ક્રાઇમ સેલે જામતારા ગેંગના બે ઠગોને મુંબઈથી ઝડપી લીધા છે. આરોપીઓએ આરટીઓનું બનાવટી ઇ-ચલણ મોકલી સુરતના એક નાગરિકના બેંક ખાતામાંથી ગણતરીની મિનિટોમાં ૯.૬૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. ડિસેમ્બર મહિનામાં સુરતના નાગરિકના વોટ્સએપ પર RTOનું ઇ-ચલણ ભરવા માટે ‘DIGITAL RTO CHALLAN-1.apk’ નામની ફાઇલ મોકલવામાં આવી હતી. ફરિયાદીને લાગ્યું કે ખરેખર ટ્રાફિક દંડ આવ્યો છે, જેથી તેમણે જેવી આ ફાઇલ ઓપન કરી કે તરત જ આરોપીઓએ તેમના મોબાઈલનો એક્સેસ મેળવી લીધો હતો.

તા. ૩૦/૧૨/૨૦૨૫ના રોજ ફરિયાદીના HDFC બેંકના એકાઉન્ટમાંથી તેમની જાણ બહાર કુલ રૂ. ૯,૬૦,૦૦૦/- અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ઉપાડી લેવામાં આવ્યા હતા. જેની ફરિયાદ થતાં સુરત સાયબર ક્રાઇમે જામતારા ગેંગ સાથે સંકળાયેલા બેને મુંબઇથી ઝડપી લીધા હતા. આ બંનેને કોર્ટમાં રજૂ કરી પોલીસે તેના બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

### એક વિદ્યાર્થી પણ ઓનલાઇન ઠગાઇમાં સક્રિય

આરોપી નિલેશ રત્નાકર નારાયણ કલમ્બે (ઉ.વ. ૪૨, ધંધો રિક્ષા ડ્રાઈવર, રહે. કરણીક પ્લોટ, સીજીએસ કોલોની નજીક, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ મહારાષ્ટ્ર, મૂળ વતન વડગાવ કાછીમ્બે, તા. આંબેગાવ, જી. પુણે. આરોપીએ સહ આરોપી વૈષ્ણવ સંજય રામચંદ્ર દાંગડ સાથે મળીને સાયબર ફ્રોડ માટે યશ બેંકમાં પોતાના નામે એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ ખાતામાં ફરીયાદી દ્વારા રૂ. ૯.૬૦ લાખ ટ્રાન્સફર થયા હતા. બાદમાં આરોપી અને તેના સાથીદારે બેંકમાં જઈ ચેક તથા ATM મારફતે રકમ ઉપાડી, તેમાંમાંથી પોતાનું કમિશન રાખી બાકીની રકમ અન્ય ફરાર આરોપીને આપી હતી. તથા વૈષ્ણવ સંજય રામચંદ્ર દાંગડ (ઉ.વ. ૧૮, વિદ્યાર્થી, રહે. નવી તિરુપતિ સોસાયટી, બી વિંગ, બિલ્ડિંગ નં. ૪, નિત્યાનંદ નગર લિંક રોડ, યુ.પી. લોન્ડ્રી અને રેલ્વે લાઇન પાસે, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ) આરોપીએ નાસતા ફરતા શખ્સના સૂચન મુજબ સાયબર ફ્રોડ માટે સહ આરોપી નિલેશ રત્નાકર નારાયણ કલમ્બેના નામે યશ બેંકમાં એકાઉન્ટ ખોલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ખાતામાં ફરીયાદીશ્રીના રૂ. ૯.૬૦ લાખ ટ્રાન્સફર થયા હતા. બાદમાં આરોપી અને તેના સાથીએ બેંકમાં જઈ ચેક તથા ATM મારફતે રકમ ઉપાડી, પોતાનું કમિશન રાખીને બાકીની રકમ ફરાર આરોપીને સોંપી હતી. પોલીસ તપાસમાં આરોપીની સંડોવણી સ્પષ્ટ થઈ છે.

# 1 લાખનું રોજનું ત્રણ હજાર વ્યાજ માંગતા અનસ મીંડી સામે ગુનો

**ખંડેરાવપુરાની** મીંડી ગેંગે ૩ લાખ સામે ૧૫ લાખ ખંખેરી લીધા

**“તારા** બાળકોને ઉઠાવી જઈશું અને તને મારી નાંખીશું” તેવી ધમકી આપતા હતા

સુરતઃ ૩ લાખ રૂપિયાની રકમ સામે રોજના ૯ હજાર રૂપિયા લેખે વ્યાજ વસૂલી મહિલા પાસે ૧૫ લાખ રૂપિયા પડાવી લેવાયા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

લાલગેટ વિસ્તારમાં રહેતી અને મજૂરી કામ કરતી ૩૬ વર્ષીય અતીકાબાનુ મોહમદ સાદીક શેખે પોતાની જરૂરિયાત માટે દોઢ વર્ષ પહેલા ખંડેરાવપુરા ખાતે રહેતા અનસ ઉર્ફે મીંડી રંગરેજ અને હુસેમાબાનુ સોહેલ ઉર્ફે મીંડી પાસેથી રૂ. ૩,૦૦,૦૦૦ વ્યાજે લીધા હતા. શરુઆતમાં સ્થિતિ સામાન્ય હતી પરંતુ ત્યારબાદ આરોપીઓએ પોતાનું અસલી રૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. આરોપીઓએ માનવતા નેવે મૂકીને રોજના રૂ. ૯,૦૦૦ લેખે વ્યાજની ઉઘરાણી શરૂ કરી હતી. ભોગ બનનાર મહિલાએ અત્યાર સુધીમાં ઓનલાઈન ટ્રાન્સફર અને રોકડ મળીને અંદાજે રૂ. ૧૫ લાખ જેટલી માતબર રકમ ચૂકવી દીધી હોવા છતાં, આરોપીઓ વધુ રકમ માટે દબાણ કરી રહ્યા હતા. વ્યાજખોરો એટલા બેફામ બન્યા હતા કે તેઓ વારંવાર અતીકાબાનુને ફોન કરીને પોતાના ઘરે બોલાવતા હતા. જો બાકીના પૈસા ન મળે તો “તારા બાળકોને ઉઠાવી જઈશું અને તને મારી નાખીશું” તેવી ધમકી આપતા હતાં. આ મામલે તેમણે કરેલી ફરિયાદના આધારે પોલીસે અનસ ઉર્ફે મીંડી અને હુસેમાબાનુ સામે વ્યાજખોરી અને ધમકી અંગેની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ઓસ્ટ્રેલિયાના સીગલ પંખી પણ સુરતી બની ગયા



■ શિયાળાની શરુઆતમાં ઓસ્ટ્રેલિયન સીગલના ધાડે ધાડા સુરતમાં ઉતરી પડે છે અને ફેબ્રુઆરીના અંતમાં પરત જતા રહે છે. જો કે, હાલમાં એપ્રિલ મહિનો શરુ થઇ ગયો હોવા છતાં મોટી સંખ્યામાં આ પક્ષી સુરતમાં જ હોવાથી તેઓ પણ સુરતી બની ગયા હોય તેમ કહી શકાય. (તસવીર : હેમંત ડેરે)

# પતિ અને પત્નીએ ‘વો’ પાસેથી રૂપિયા ૨.૫૯ લાખ પડાવ્યા

**પુણાગામના** યુવકને બ્લેકમેલ કરનાર વ્યાસ દંપતી સહિત ત્રણ સામે ગુનો નોંધાયો



સુરતઃ પુણાગામ વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ યુવક સાથે નજીકનો સંબંધ કેળવ્યા બાદ તેના પતિ અને મિત્ર સાથે મળી તેને બ્લેકમેલ કરી અઢી લાખ વસૂલી લીધા હતાં.

પુણાગામના નારાયણનગરમાં રહેતા અને હીરા મજૂરી કરી ગુજરાન ચલાવતા ૩૩ વર્ષીય ભાવેશ દેવશીભાઈ ચુડાસમાને સપના મનોજભાઈ વ્યાસ નામની મહિલાએ પ્રેમજાળમાં ફસાવ્યો હતો. થોડા સમય બાદ આ સંબંધમાં સપનાના પતિ મનોજ જયંતી વ્યાસ અને તેમના સાથીદાર રાકેશ પાનસુરીયાની એન્ટ્રી થઈ હતી. ત્રણેય આરોપીઓએ ભાવેશને આ સંબંધો જાહેર કરી દેવાની અને બદનામ કરવાની ધમકી આપી બ્લેકમેલિંગ શરૂ કર્યું હતું. આરોપીઓએ અલગ-અલગ સમયે ભાવેશ પાસેથી રોકડા રૂ. ૧,૫૦,૦૦૦ પડાવ્યા હતા. એટલું જ નહીં, આજકાલના ડિજિટલ યુગમાં પુરાવા ન રહે તે માટે આરોપીઓએ ચતુરાઈ વાપરી ગૂગલ પે અને ફોન પે જેવા માધ્યમોથી પણ રૂ. ૧,૦૯,૨૪૯ ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ, ત્રિપુટીએ કુલ રૂ. ૨,૫૯,૨૪૯ ખંખેરી લીધા હતા. તેમની વારંવારની માંગણીથી કંટાળી ભાવેશ ચુડાસમાએ કરેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ શરુ કરી છે.

# પૂરેપૂરા ૩.૫૦ કરોડ રૂપિયા લીધા બાદ જમીન બીજાને વેચી મારી

**સણિયા** હેમાદની જમીનમાં ઠગાઇ થતાં સુમુલ ડેરી રોડના બિલ્ડરે પોલીસનું શરણું લીધું

સુરતઃ સણિયા હેમાદની કરોડોની એક જ જમીન બે વખત વેચી સુમુલડેરી રોડના એક બિલ્ડર સાથે રૂ. ૩.૫૦ કરોડની છેતરપિંડી કરવામાં આવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

કતારગામ સુમુલ ડેરી રોડ પર આવેલ રોયલ પાર્કમાં રહેતા ૪૦ વર્ષીય વિરેનભાઇ જયંતિભાઇ અજુડિયાએ વર્ષ ૨૦૧૬માં સણિયા હેમાદમાં આવેલી જમીનનો સોદો માલિક લક્ષ્મીદાસ બાલુભાઈ વેકરિયા (રહે. ઉત્રાણ) સાથે રૂ. ૩.૫૦ કરોડમાં નક્કી કર્યો હતો. તેમણે સોદા પેટે રૂ. ૩.૪૨ કરોડ રોકડ અને બાકીની રકમ ચેક મારફતે ચૂકવી દીધી હતી.

જોકે, તમામ રકમ વસૂલ્યા પછી લક્ષ્મીદાસે આ જમીનનો કબજા વગરનો સાટાખત અન્ય કોઈ વ્યક્તિના નામે સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધાવી દઈ પ્રથમ વિશ્વાસઘાત કર્યો હતો. જ્યારે વિરેનભાઈને આ ડબલ સોદાની જાણ થઈ, ત્યારે તેમણે લક્ષ્મીદાસનો સંપર્ક કર્યો હતો. તે સમયે આરોપીએ સમાધાનનો ડોળ કરી નોટરી બાહેંધરી આપી હતી કે તે અગાઉનો સાટાખત રદ કરી આઠ મહિનામાં વિરેનભાઈને પાકો વેચાણ દસ્તાવેજ કરી આપશે. ત્યારબાદ તેણે તેમના ભાઇ વ્રજલાલ બાબુભાઈ વેકરીયાને આ જમીનનો પાવર ઓફ એટર્ની આપી દીધો હતો.

આ પાવરના આધારે ગત તા. ૨૪/૦૩/૨૦૨૫ના રોજ આરોપીઓએ આ જ જમીન જનક ભાલાળા અને રાજેન્દ્રભાઈ કાકડિયાને રજિસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચી મારી હતી. જેની ફરિયાદ થતાં સારોલી પોલીસે લક્ષ્મીદાસ બાલુભાઈ વેકરીયા વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

### ચાલુ લિફ્ટમાં માથું બહાર કાઢ્યું તો મોત મળ્યું

સુરતઃ સચિન હોજીવાલાની ખાનગી કંપનીની ગુડ્સ લિફ્ટમાં જઈ રહેલા કામદારનું માથું દીવાલ સાથે ફસાઈ જતા મોત થયું હતું.

મૂળ રાજસ્થાન જાલોદના વતની શૈલેષ તેજારામ મેઘવાલ (26 વર્ષ) સચિન હોજીવાલા રોડ નંબર-2માં રહી ખાનગી કંપનીમાં ધાગા કટિંગનું કામ કરતો હતો. બુધવારે રાત્રે તે કંપનીની ગુડ્સ લિફ્ટમાં ગ્રાઉન્ડ ફ્લોરથી ઉપરના માળે જતો હતો. દરમિયાન નીચેથી કોઈએ શૈલેષને બૂમ પાડી હતી. જેથી તેએ ચાલુ લિફ્ટમાં માથું બહાર કાઢતા બિલ્ડિંગના બીમ સાથે ફસાઈ ગયો હતો. ગંભીર ઈજાને પગલે તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ અંગે વધુ તપાસ સચિન પોલીસ કરી રહી છે.

# ઝાડ નીચે સૂતેલી એક વર્ષની બાળકીને કારે કચડી નાંખી

**વાલકમાં** બનેલી ઘટનામાં સુપરવાઇઝરની ધરપકડ



સુરતઃ વાલકગામ તાપી કિનારા પાસે આવેલા ખેતરમાં કાર ચાલકે ઝાડ નીચે સુતેલી એક વર્ષની બાળકીને કચડી નાખતા મોત નિપજ્યું હતું. ખેતરમાં કામ કરતા લોકો પર સુપરવિઝન કરવા આવેલા યુવકે અકસ્માત સર્જ્યો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશ જાંબુઆના વતની, મેહુલભાઈ કતિજા હાલ વાલકગામ તાપી કિનારે રોયલ ટાઉનશીપ પાછળ ખુલ્લા ખેતરમાં પત્ની તેમજ બે પુત્રી સાથે રહે છે. મેહુલભાઈ તેમજ તેની પત્ની સંગીતા તે જ ખેતરમાં ચાલતા કામમાં મજૂરી કામ કરે છે. બુધવારે સવારે 10:30 વાગ્યાના અરસામાં સંગીતાએ તેની એક વર્ષની પુત્રી સોનલને સ્તનપાન કરાવીને ખેતરમાં ઝાડ નીચે છાયામાં સુવડાવી હતી. બાદમાં દંપતી કામમાં વ્યસ્ત હતા. તે સમયે હેરિયર કારના ચાલક વિપુલ વિનુભાઈ ઝાલાવાડીયાએ પોતાની ગાડી પૂર ઝડપે હંકારી ડ્રાઈવર સાઈડનું આગળનું ટાયર સોનલના માથાના ભાગે ચડાવી કચડી નાખી હતી. અકસ્માતને પગલે સોનલને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી સોનલને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. લસકાણા પોલીસે કાર ચાલક વિપુલ ઝાલાવાડીયા વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. વધુમાં, કારચાલક વિપુલ ઝાલાવાડીયા સુપરવાઈઝર તરીકે ત્યાં જ કામ કરતો હોવાનું જાણવા મળ્યું હતું.



# સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026



## વોર્ડ નંબર-3 (વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા)

# અહીં ભાજપની ડિપોઝિટ ડુલ થવાનો ઇતિહાસ સર્જાયો હતો

સુરતઃ એક સમયે ભાજપનો ગઢ મનાતા વોર્ડ નંબર 3 ના વિસ્તારોમાં ભાજપે 2015ની મનપાની ચુંટણીમાં પાટીદાર આંદોલનના ઓછાયા વચ્ચે પગ મુકવો ભારે પડે તેવી સ્થિતી સર્જાઇ હતી. આ સ્થિતી વર્ષ 2021માં પણ યથાવત રહી હતી. આ વોર્ડમાં પહેલી વખત ચુંટણી લડનાર આમ આદમી પાર્ટીના ઉમેદવારોને 34 હજારથી વધુ લીડ મળતા, સુરતમાં ભાજપ શાસન આવ્યા બાદ પહેલી વખત ભાજપના ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થઇ હતી. પહેલી વખત ચુંટણી લડનાર આપના ઉમેદવારોને 2,13,161 મતો મળ્યા હતા. જયારે બીજા નંબરે રહેલી ભાજપના ઉમેદવારોને 78,428 મતો મળ્યા હતા. આમ બંને વચ્ચે અધધધ... 1,34,733 મતોનું અંતર હતું. તે વખતે આ વોર્ડમાં સૌથી વધુ 1,60868 મતદારો અને 144 બુથ હતા જો કે એસઆઇઆર બાદ મતદારો ઘટીને 1,37,187 અને બુથ 135 રહયા છે. ગત વખતે પાટીદાર આંદોલનના નેતાઓ આપની સાથે હતા પરંતુ આ વખતે પાટીદાર આંદોલના ચહેરા અલ્પેશ કથીરીયા અને ધાર્મિક માલવીયા ભાજપ સાથે છે. તેમજ આપમાંથી આ વોર્ડમાં ચુંટાયેલા બે કોર્પોરેટરોએ ભાજપની કંઠી બાંધી લીધી હોય શું પરીણામ આવે છે તેના પર આખા ગુજરાની મીટ મંડાઇ છે.

### જાતિગત સમીકરણ

- વોર્ડ નં. 3 સંપૂર્ણપણે પાટીદાર મતો પર આધારિત વોર્ડ છે. અહીં જ્ઞાતિગત સમીકરણો અત્યંત મજબૂત છે.
- વોર્ડમાં 90% થી વધુ વસ્તી લેઉવા અને કડવા પાટીદારોની છે. અહીં રત્નકલાકારો ઉપરાંત મોટા હીરાના કારખાનેદારો અને બિલ્ડરોની પણ મોટી વસ્તી છે. સૌરાષ્ટ્રવાસી પરિવારોનું અહીં શાસન છે.
- ઓબીસી સમાજના પ્રજાપતિ, દરજી અને લુહાર જ્ઞાતિના મતદારો પણ અમુક સોસાયટીઓમાં વસેલા છે, પરંતુ પાટીદાર મતોની સરખામણીએ તેમની સંખ્યા ઓછી છે.
- લસકાણા અને સીમાડાના છેવાડાના વિસ્તારોમાં હીરા અને અન્ય નાના મોટા ઉદ્યોગ સાથે જોડાયેલા મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગના શ્રમિકોની સંખ્યા વધુ છે.

### મુખ્ય સમસ્યાઓ

- સરથાણા નેચર પાર્ક પાસે થતો ટ્રાફિક, તાપી નદી પરના બ્રિજની સમસ્યા,
- પીવાના પાણીનું પ્રેશર અને ખાનગી શાળાઓમાં ડોનેશનના મુદ્દાઓ અહીંના મતદાન પર અસર કરી શકે.
- રોડ રસ્તાના પ્રશ્નો, નવા નેટવર્કનુ કામ ધીમુ ચાલે છે, તેવી ફરિયાદ વારંવાર ઉઠી છે.
- ખાડી પુરની અસર આ વોર્ડમાં સમાવિષ્ટ સીમાડા, પાસોદરા, કઠોદરાના લોકો માટે રોષનુ કારણ છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા


પુરુષ મતદારોઃ 72950
સ્ત્રી મતદારોઃ 64235
કુલ મતદારોઃ 1,37,187

### રાજકીય સ્થિતિ અને મુખ્ય મુદ્દાઓ

વર્ષ 2021ની ચુંટણીમાં ભાજપ વિરુદ્ધનો રોષ અહી રોષ ભભુકતો હતો.ખાસ કરીને મોંઘવારી, રત્નકલાકારોની બેકારી અને લોકડાઉન દરમિયાનની મુશ્કેલીઓ મુખ્ય મુદ્દા હતા. આ વર્ષે હવે પરિસ્થિતિ બદલાઈ શકે છે. પાસ અને આપના સભ્યો ભાજપમાં જોડાતા પરિસ્થિતિઓમાં બદલાવ આવશે કે નહી તે જોવુ રહયું,

### ભૌગોલિક સ્થિતિ

ઉતરમાં તાપી નદીના કીનારે નાના વરાછા ફ્રુટ માર્કેટથી શરૂ કરી ચીકુવાડી અને કીરણ ચોક થઇ સીમડા વિસ્તાર થઇ કેનાલ રોડ સુધી તેમજ પુર્વમાં વાલક,ભાદા, પાસોદરા પાટીયા, પાસોદરા, લસકાણા, કઠોર,ખડસદથી પશ્ચિમમાં નેચર પાર્ક થઇ નાના વરાછા અને મોટા વરાછાને જોડતા બ્રિજના મુખ સુધી.



# આપએ સુરતમાં બે ઉમેદવાર બદલ્યા 25 નવા ઉમેદવારની જાહેરાત કરાઈ

**કોંગ્રેસમાંથી** આવેલા દિનેશ કાછડિયાને પણ ટિકિટ

સુરતઃ સુરત મનપાની ચૂંટણી માટે આપ દ્વારા પોતાના વધુ 25 ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. પક્ષે પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાને વોર્ડ નં.4માંથી અને શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીને વોર્ડ નં.17માંથી ટિકીટ આપી છે. જ્યારે કોંગ્રેસમાંથી આવેલા દિનેશ કાછડિયાને વોર્ડ નં.5માંથી ટિકિટ આપી છે. આપએ વોર્ડ નં.4 અને 13માં ઉમેદવારોને બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, વોર્ડ નં.7માંથી દીપ્તિબેન સાકરિયા, વોર્ડ નં.16માંથી જિતેન્દ્રભાઈ કાછડિયા અને વોર્ડ નં.4માંથી કુંદનબેન કોઠિયાને ફરી તક આપવામાં આવી છે.

### આમ આદમી પાર્ટીના ઉમેદવારો

| | |
|---|---|
| વોર્ડ નં.૪ (કાપોદ્રા) | મનોજ સોરઠિયા |
| વોર્ડ નં.૫ (ફૂલપાડા-અશ્વિનીકુમાર) | દિનેશ કાછડિયા |
| વોર્ડ નં.૬ (કતારગામ) | ભાવેશ ધામેલિયા |
| વોર્ડ નં.૭ (કતારગામ-વેડ) | દીપ્તિ સાકરિયા |
| વોર્ડ નં.૧૦ (અડાજણ-પાલ-ઇચ્છાપોર) | વિજય નૈયાર |
| વોર્ડ નં.૧૧ (અડાજણ-ગોરાટ) | સુનીલ વાડિયા |
| વોર્ડ નં.૧૨ (નાણાવટ-સૈયદપુરા-કુબેરનગર) | પ્રતિ સદાદિયા |
| વોર્ડ નં.૧૩ (વાડી ફળિયા- નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા) | જાગૃતિ પટેલ |
| વોર્ડ નં.૧૪ (ઉમરવાડા-માતાવાડી) | મનીષા ગામીત |
| વોર્ડ નં.૧૫ (કરંજ-મગોબ) | સંજય સુહાગિયા, દયા ભાર્ગવ વાળા |
| વોર્ડ નં.૧૬ પુણા (પશ્ચમિ) | જિતેન્દ્ર કાછડિયા |
| વોર્ડ નં.૧૭ પુણા (પૂર્વ) | ધર્મેશ ભંડેરી |
| વોર્ડ નં.૧૮ (લિંબાયત-પરવટ-કુંભારિયા) | કિરણ દિવાકર, ગૌતમ પટેલ |
| વોર્ડ નં.૨૩ (બમરોલી-ઉધના) | મનોજ બોરડે, પ્રવીણ મોર્યા |
| વોર્ડ નં.૨૫ (લિંબાયત-ઉધના યાર્ડ) | કિરણ સોનકુસરે |
| વોર્ડ નં.૨૬ (ગોડાદરા-ડિંડોલી) | સીમા રમેશસિંગ રાજપૂત |
| વોર્ડ નં.૨૮ (પાંડેસરા-ભેસ્તાન) | મીરા બાવીષ્કર, રાજેશ રબારી |
| વોર્ડ નં.૨૯ (અલથાણ-બમરોલી-વડોદ) | ધ્રુવીલ પંચાલ |
| વોર્ડ નં.૩૦ (કનસાડ-સચિન-ઉન-આભવા) | સુશાંત કાપડિયા |

### સુરત મનપાની ચૂંટણીમાં દાવેદારો અને ઉમેદવારોની મોટી મૂંઝવણ !

# ઉમેદવારી માટે તૈયારી કરવી કે શૌચાલય માટેનું સર્ટિફિકેટ લેવું

**છેલ્લા** ત્રણ દિવસમાં જ શૌચાલય હયાતી માટે 686 પ્રમાણપત્ર આપવામાં આવ્યાં

**વરાછા** ઝોન-એમાં સૌથી વધુ 143 પ્રમાણપત્ર ઈશ્યુ કરાયાં

સુરતઃ ચૂંટણી લડવા માટે ઉમેદવારના ઘરમાં શૌચાલય જરૂરી હોવાના ચૂંટણી પંચના નિયમને કારણે શૌચાલય હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટે મનપા કચેરીમાં દાવેદારો અને ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. સુરત મહાનગર પાલિકા દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં જ 686 દાવેદાર દ્વારા શૌચાલય હયાતીનાં પ્રમાણપત્રો ઈશ્યુ કરવામાં આવ્યાં છે, જેમાં સૌથી વધુ વરાછા ઝોન-એમાં 143 દાવેદાર દ્વારા પ્રમાણપત્ર મેળવવામાં આવ્યાં છે. જ્યારે સૌથી ઓછા અઠવા ઝોનમાં માત્ર 13 પ્રમાણપત્ર વિતરણ કરાયાં છે. વરાછા ઝોન-એમાં તો માત્ર ત્રણ દિવસમાં જ 143 પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે કતારગામ ઝોનમાં પણ 134 અને લિંબાયત ઝોનમાં 122 ઉમેદવારે શૌચાલય હયાતીનાં પ્રમાણપત્રો મેળવ્યાં છે.

### શૌચાલયનાં પ્રમાણપત્રની યાદી

| ઝોન | સંખ્યા |
|---|---|
| રાંદેર ઝોન | 71 |
| સેન્ટ્રલ ઝોન | 30 |
| કતારગામ ઝોન | 134 |
| વરાછા ઝોન | એ 143 |
| વરાછા ઝોન | બી 61 |
| ઉધના ઝોન | એ 94 |
| ઉધના ઝોન | બી 18 |
| અઠવા ઝોન | 13 |
| લિંબાયત ઝોન | 122 |

## વોર્ડ નંબર-4 (કાપોદ્રા)

# ભાજપ માટે કમબેકની મથામણ આપ પાર્ટી ઓવરકોન્ફિડન્સમાં

કાપોદ્રા વિસ્તાર સુરતના સૌથી ગીચ અને ધમધમતા વિસ્તારોમાંનો એક ગણાય છે. 2015માં અહી ભાજપને મળેલી હાર આંચકા જનક હતી ત્યાર બાદ વર્ષ 2021માં આ વોર્ડમાં આમ આદમી પાર્ટીની આખી પેનલનો વિજય થયો હતો. કોંગ્રેસની સ્થિતિ અહીં અત્યંત નબળી રહી હતી અને મોટાભાગના મતો ભાજપ અને ‘આપ’ વચ્ચે વહેંચાઈ ગયા હતા.

એસઆઈઆર બાદ નવી મતદાર યાદીમાં અહી 58,524 મતદારો અને 63 બુથો રહ્યા છે. વર્ષ 2021માં અહીથી આમ આદમી પાર્ટીના જે ચાર કોર્પોરેટરો જીત્યા હતા તેમાંથી બે કોર્પોરેટરો ભાજપમાં ચાલ્યા ગયા છે. જયારે બીજા નંબરે અહી ભાજપના ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 51,352 મતો મળ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 83,352 મતો મળ્યા હતા. ભાજપ માટે આ વખતે આ વોર્ડમાં કમબેક કરવાની મથામણ છે. જયારે આપ અહી ઓવર કોન્ફીડન્સમાં હોય તેમ પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાને મેદાનમાં ઉતાર્યા છે. મનોજ સોરઠીયાની હારજીત પર આખા રાજયની નજર રહેશે.

### જાતિગત સમીકરણ

- કાપોદ્રા વોર્ડમાં જ્ઞાતિગત સમીકરણો મિશ્ર છે, પરંતુ પાટીદાર સમાજ અહીં પણ મહત્વનું સ્થાન ધરાવે છે.
- પાટીદાર અને ઓબીસીઃ આ વોર્ડમાં સૌરાષ્ટ્રવાસી પાટીદારો અને સ્થાનિક પ્રજાપતિ, દરજી તથા ઓબીસી જ્ઞાતિના મતદારોનું મિશ્રણ છે. -પાટીદાર આંદોલન સમયે આ વિસ્તાર મુખ્ય કેન્દ્ર રહ્યો હતો.
- ઉત્તર ભારતીય અને શ્રમિકોઃ કાપોદ્રાના અમુક વિસ્તારોમાં રત્નકલાકારોની સાથે ઉત્તર ભારતથી આવેલા શ્રમિકોની પણ નોંધપાત્ર વસ્તી છે, જેઓ હીરા અને કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા છે.
- લઘુમતી મતોઃ વોર્ડના જૂના ભાગોમાં લઘુમતી સમુદાયના મતો પણ છે, જે હાર-જીતના સમીકરણમાં ભાગ ભજવે છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 31327
સ્ત્રી મતદારોઃ 27152
કુલ મતદારોઃ 58,524

### આ વિસ્તારની સમસ્યાઓ

રહેણાંક અને ઇન્ડસ્ટ્રીઝ ખાસ કરીને હીરાના કારખાના ધરાવતા આ વોર્ડમાં ટ્રાફિકની સમસ્યા લોકોને હાલાકીમાં મુકી રહી છે. ઉપરાંત જૂની સોસાયટીઓમાં ઉભરાતી ગટર અને ગંદા પાણીની સમસ્યા અવાર-નવાર તંત્રને દોડતુ કરે છે. પાર્કીગની સમસ્યા પણ અહી અજગરભરડો લઉ ચુકી છે. અને ચુંટાયેલા પ્રતિનિધિઓ અહી પબ્લિક પાર્કિંગની સુવિધા અપાવવામાં સદંતર નિષ્ફળ રહયા છે. આ વિસ્તારની અનેક જગ્યાઓ અસમાજિક તત્વોના અડ્ડા જેવી બની ગઇ છે. તો ઘણી સ્થાનિક ટપોરી ગેંગના ઉત્પાત પણ અવાર નવાર જોવા મળે છે. કાપોદ્રા વોર્ડમાંથી પસાર થતી ખાડીઓના કારણે ગંદકી અને મચ્છરોનો ત્રાસ પણ અહી મત માંગવા જનારા નેતાઓ માટે માથાનો દુઃખાવો બનશે.

### ભૌગોલિક સ્થિતિ

પશ્ચિમમાં બરોડા પ્રિસ્ટેઝથી ચાલુ કરી પુર્વમાં વરાછા વારીગૃહ સુધી તેમજ ઉતરમાં તાપી નદી અને દક્ષીણમાં ખાડી સુધીનો વિસ્તાર આ વોર્ડમાં સમાવેશ પામે છે. આ વોર્ડમાં બરોડા પ્રિસ્ટેઝ, ઘનશ્યામ નગર, જગદીશ નગર, ગાયત્રી નગર, રચના ત્રણ રસ્તા, સાગર સોસાયટી,સત્યનારાયણ સોસાયટી હીરાબાગ જેવા ગીચતાસભર વિસ્તારોનો સમાવેશ થાય છે.

